SANDESH, Ahmedabad, 8.10.2022
Page No. 11, Size:(10.48)cms X (18.47)cms.

Sabarmati multi-modal transport hub will be ready in 2023

### દાંડીકૂચની ઐતિહાસિક થીમ પર બિલ્ડિંગની ડિઝાઈન તૈયાર થઈ છે

# રૂ. ૩૩૨ કરોડના ખર્ચે સાબરમતી મલ્ટિ મોડલ ટ્રાન્સપોર્ટ હબ ૨૦૨૩માં તૈયાર થશે

## બિલ્ડિંગની છત સોલર પેનલથી સજ્જ હશે અને ચરખાની પ્રતિકૃતિથી તૈયાર કરાશે

। અમદાવાદ ।

અમદાવાદમાં સાબરમતી વિસ્તારમાં નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન દ્વારા મલ્ટીમોડ ટ્રાન્સપોર્ટ હબ બની રહ્યું છે. જેનો ખર્ચ ૩૩૨ કરોડ થવા જાય છે. જેનું ક્ષેત્રફળ ૩.૫૪ હેક્ટર જેટલું છે. આ હબ બનવાથી બુલેટ ટ્રેન, મેટ્રો ટ્રેન, રેલવે, BRTS તમામ સુવિધા એક જ સ્થળેથી મળશે. આ બિલ્ડીંગની બહારની ડિઝાઈન ઐતિહાસિક દાંડીકૂચની યાદ અપાવશે. દાંડીકૂચનું સ્ટીલનું મ્યુરલ બિલ્ડીંગના પ્રાંગણમાં મુકવામાં આવશે. તેમજ બિલ્ડિંગની છત પર સોલર પેનલ લગાવાશે. તેમજ તેના પર રાષ્ટ્રપિતાના ચરખાની થીમ ઉપર ડેવલોપ કરવામા આવશે. આ હબને ૨૦૨૩માં તૈયાર કરી દેવામાં આવશે.

સાબરમતી મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ હબમાં ત્રીજા માળ પછી બે બ્લોકમાં વહેંચાયેલ છે. એક બ્લોક A અને બીજો બ્લોક B. 'એ' બ્લોક કાર્યાલય માટે અને 'બી' બ્લોકમાં હોટેલ બનશે. તેમજ બ્લોક A ૯ માળનો તથા બ્લોક B ૦૭ માળનો રહેશે. બિલ્ડીંગના ત્રીજા માળેથી એક ફુટ ઓવરબ્રિજ નીકળશે, જે ૧૦ મીટર પહોળો હશે અને બુલેટ ટ્રેન સ્ટેશન સાથે જોડવામાં આવશે. જોડશે. જ્યારે બીજો બ્રિજ બીજા માળેથી નીકળીને મેટ્રો તથા BRTS સ્ટેશનને જોડશે જે સરેરાશ ૬.૫ મીટર પહોળો હશે. ત્રીજો ફુટ ઓવર બ્રિજ ૦૮ મીટર પહોળો હશે, જે રેલવે પ્લેટફોર્મને જોડશે. ૧૫૦૨ ગાડીઓ પાર્ક થઈ શકે તેટલુ પાર્કિંગ હશે. આ બિલ્ડીંગ દિવ્યાંગોને અનુકૂળ હશે. સંપૂર્ણ બિલ્ડીંગ CCTV તેમજ એરકન્ડિશન્ડથી સજ્જ હશે. બિલ્ડિંગમાં ૧૧ લિફ્ટ હશે, જે દરેક લિફ્ટ ૧૬ પેસેન્જરની વહનક્ષમતા ધરાવતી હશે. જ્યારે ૦૮ એસકેલેટર હશે. મલ્ટી મોડ ટ્રાન્સપોર્ટ હબથી બુલેટ ટ્રેન સ્ટેશન ૧૫૦ મીટર, મેટ્રો સ્ટેશન ૩૦૦ મીટર, BRTS સ્ટેશન ૧૫૦ મીટર, જ્યારે એરપોર્ટ ૦૭ કિલોમીટર અને રાણીપ એસટી સ્ટેન્ડ ૦૨ કિલોમીટરના અંતરે છે. આ ટ્રાન્સપોર્ટ હબ ગ્રીન બિલ્ડીંગ હશે. જ્યાં પાણી રિસાયકલ કરાશે. બિલ્ડીંગની છત પર સોલાર પેનલ લાગશે. બિલ્ડીંગ ભૂકંપ વિરોધી RCC સ્ટ્રક્ચર પર બેઝ હશે. બિલ્ડિંગમાં કોમર્શિયલ ઓફીસ અને દુકાનો પણ હશે. બિલ્ડીંગ પરિસરમાં વાહનો માટે પીકઅપ અને ડ્રોપ સુવિધાઓ પણ હશે. બ્લોક 'બી' માં ૬૦ રૂમ, બેંકવેટ હોલ, હોટેલ, સ્વિમિંગ પુલ જેવી સુવિધાઓની સાથે ઉપર પાર્ટી ટેરેસ હશે. બિલ્ડિંગમાં રેલ અને બુલેટ ટ્રેનની ટિકિટના કાઉન્ટર તૈયાર કરવામાં આવશે.

### બુલેટ ટ્રેન ૨૦૨૬માં દોડતી થઈ જશે : અશ્વિની વૈષ્ણવ, રેલવે મંત્રી

કેન્દ્રીય રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવ બે દિવસ ગુજરાતની મુલાકાતે છે. ત્યારે શુક્રવારે ગુજરાત યુનિવર્સિટીમાં યુવાબોર્ડના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને યુવાનો સાથે સંવાદ કર્યો હતો. આ કાર્યક્રમમાં રેલવે મંત્રીએ ૨૦૨૬માં દેશની પહેલી બુલેટ ટ્રેન દોડશે તેની મોટી જાહેરાત સાથે કાલુપુર રેલવે સ્ટેશનને વર્લ્ડ ક્લાસ રેલવે સ્ટેશન બનાવવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. આગામી ૫૦ વર્ષને ધ્યાને રાખી રેલવે સ્ટેશનની ડિઝાઇન બનાવવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વંદે ભારત ૩ બનાવવાનું પણ સૂચન કર્યું છે. આ ટ્રેન વજનમાં હલકી અને ૨૨૦ની સ્પીડે ચાલશે. હાલની વંદે ભારત ટ્રેન ૧૮૦ ની સ્પીડે ચાલે છે. કવચ સિસ્ટમ સાથે આગામી ટ્રેનનું નિર્માણ થશે. કવચ સિસ્ટમ એટલે કે એક ટ્રેક પર બે ટ્રેન સામ-સામે આવે ત્યારે કવચ ટ્રેન ૩૮૦ મીટરની દૂરી પર જાતે રોકાઈ જાય છે. જેનો ડેમો કરવામાં આવ્યો છે. અમદાવાદના સાબરમતી મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ બિલ્ડીંગનું કામ પણ ચાલી રહ્યું છે. ૨૦૨૬માં દેશમાં પહેલી બુલેટ ટ્રેન ચાલશે.

### ગુજરાત યુનિવર્સિટીમાં 5G લેબ તૈયાર થશે :

સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય બોર્ડ દ્વારા ગુજરાત યુનિવર્સિટીના સેનેટ હોલમાં કેન્દ્રીય રેલવે મંત્રી દ્વારા ડ્રાઈવિંગ ડબલ એન્જિન વિષય પર યુવાનો સાથે સંવાદ કર્યો હતો. મંત્રીએ યુનિવર્સિટીમાં 5G લેબ તૈયાર કરવાની જાહેરાત કરવાની સાથે યુવાનોને સંબોધતા કહ્યુ હતુ કે, આજના યુવાનોએ એક પોઝિટિવ માઈન્ડ સેટ ડેવલપ કરવાની જરૂર છે. કેમ કે નવા ભારતના સંકલ્પને સાકાર કરવા માટે નવા વિચારોની જરૂર છે જે નવા ભારતના સંકલ્પને સાકાર કરી શકે. આ નવા વિચારો લાવવા માટે આજના યુવાનોએ ખૂબ મહેનત કરવાની જરૂર છે.